| ૮. | એચ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈંગ્લીશ ટ્રેઈનીંગ એન્ડ રીસર્ચ, વલ્લભ વિદ્યાનગર | રૂા. ૯,૨૨૦/- |
| ૯. | શ્રી આઈ. જે. પટેલ બી.એડ્. કોલેજ (સ્વનિર્ભર), મોગરી | રૂા. ૩૦,૦૦૦/- |
| ૧૦. | આણંદ કોલેજ ઑફ એજ્યુકેશન (સ્વનિર્ભર), આણંદ | રૂા. ૩૦,૦૦૦/- |
| ૧૧. | વેમેડ કોલેજ ઑફ એજ્યુકેશન બી.એડ્. એડવાન્સ (ઈંગ્લીશ મીડીયમ) (સ્વનિર્ભર),વલ્લભ વિદ્યાનગર | રૂા. ૪૩,૦૦૦/- |
| ૧૨. | શ્રી પી. એમ. પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન (સ્વનિર્ભર), આણંદ | રૂા. ૨૯,૦૦૦/- |
| ૧૩. | શ્રીમતિ પુષ્પાબેન કનૈયાલાલ ઈનામદાર કોલેજ ઑફ એજ્યુકેશન (સ્વનિર્ભર),બાકરોલ | રૂા. ૩૦,૦૦૦/- |
| ૧૪. | ક્રિશ્ચિયન કોલેજ ઑફ એજ્યુકેશન (સ્વનિર્ભર), આણંદ | રૂા. ૨૮,૦૦૦/- |
| ૧૫. | એન. આર. પટેલ બી.એડ્. (કો.એડ્.) કોલેજ (સ્વનિર્ભર),કરમસદ | રૂા. ૨૫,૦૦૦/- |
| ૧૬. | સરદાર પટેલ કોલેજ ઑફ એજ્યુકેશન (સ્વનિર્ભર),બાકરોલ | રૂા. ૩૦,૦૦૦/- |
| ૧૭. | બાવીસ ગામ બી.એડ્. કોલેજ (સ્વનિર્ભર) વલ્લભ વિદ્યાનગર | રૂા. ૩૦,૦૦૦/- |
| ૧૮. | શ્રીમતી એસ.કે.શાહ (વ્હાવાળા) કોલેજ ઓફ એજ્યુકેશન, (સ્વનિર્ભર) કપડવંજ | રૂા. ૩૪,૦૦૦/- |
| ૧૯. | ધર્મજ કોલેજ ઓફ એજ્યુકેશન, (સ્વનિર્ભર) ધર્મજ | રૂા. ૩૩,૦૦૦/- |
| ૨૦. | ધી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી બી.એડ્. કોલેજ, મહેમદાવાદ (નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે)(ગુ.મા.) | રૂા. ૩૪,૦૦૦/- |
| ૨૧. | શ્રી કે.જી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ઓડ (નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે)(ગુ.મા.) | રૂા. ૩૨,૦૦૦/- |
| ૨૨. | શ્રીમતી ધારિણીબેન. એ. શુકલા,બી.એડ્. કોલેજ, મહેમદાવાદ | રૂા.૨૫,૦૦૦/- |

✹ **નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે ચાલતી બી.એડ્. કોલેજોની વાર્ષિક ફી રાજ્ય સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે મુજબ રહેશે. વિવાદની બાબતમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો નિર્ણય અંતિમ ગણાશે.**

૧.૧ કોલેજવાર પ્રવેશ સંખ્યા યુનિવર્સિટી, રાજ્ય સરકાર, NCTEના નિયમોને આધિન વખતોવખત જે નક્કી થાય તે પ્રમાણે રહેશે.

✹ (કોલમ ૩માં દર્શાવેલાં વિષયમાં જ સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ રાખેલ મુખ્ય વિષય પ્રમાણે જ બી.એડ્.માં પ્રવેશ અપાશે. આ માટે સામેના વિષયો જ ધ્યાનમાં લેવાશે.)

૧.૨ ❖ઉપર્યુક્ત (પાન નં. ૧૩ અને ૧૪ ઉપર) અનુક્રમ નં.૮ અને ૧૧ સિવાયની કોલેજોમાં સીટોની ફાળવણી નીચે પ્રમાણે કરવામાં આવશે.

૧.૩ સરદાર પટેલ યુનિવર્સિટીના અરજદારો માટે ૮૭% (**આણંદ તથા ખેડા જિલ્લાની તમામ કોલેજો**) ૧.૩.૧ રાજ્યની અન્ય યુનિવર્સિટીના અરજદારો માટે ૧૦%

૧.૩.૨ રાજ્ય બહારની યુનિવર્સિટીના અરજદારો માટે ૩ %

૧.૪ વે મેડ કોલેજ ઑફ એજ્યુકેશન (અંગ્રેજી માધ્યમ) માટે તથા એચ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ઇંગ્લિશ ટ્રેઈનીંગ એન્ડ રીસર્ચ, વલ્લભ વિદ્યાનગર, (ફક્ત અંગ્રેજી વિષય માટે) સિન્ડીકેટના ઠરાવ અન્વયે બેઠકોની ફાળવણી ૫૦% (SPU), ૨૫% (OUG) અને ૨૫% (OUT) માટે રહેશે.

૨. સરદાર પટેલ યુનિવર્સિટીના અરજદારો માટે દર્શાવેલ બેઠકો પૈકી આશરે ૯૦% બેઠકો ફાળવવામાં આવશે. બાકીની ૧૦% બેઠકો ચાલુ વર્ષે તા. ૧૫-૬-૨૦૧૭ સુધીમાં જેનું પરિણામ ગુણપત્રક સહિત આવ્યું હોય તેવા સરદાર પટેલ યુનિવર્સિટીની સ્નાતકની પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીઓને ફાળવવામાં આવશે.

૨.૧ અરજદારે અરજીપત્રકમાં માંગેલી તમામ વિગતો સંપૂર્ણ રીતે ભરી અરજીપત્રક સાથે પાસ કરેલ **ધો. ૧૦ થી સ્નાતક અને અનુસ્નાતક સુધીની તમામ પરીક્ષાઓની માર્કશીટો, સ્કૂલ લીવીંગ પ્રમાણપત્રની** પ્રમાણિત નકલ સહિત અરજીપત્રક મોડામાં મોડું તા. **૧૦.૩.૨૦૧૭** સુધીમાં પ્રવેશ સેલમાં રૂબરૂ અથવા રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી મોકલી આપવાનું રહેશે. આ તારીખ પછી પોસ્ટ દ્વારા કે રૂબરૂમાં અરજી સ્વીકારાશે નહીં.

૨.૨ અરજીપત્રક ઉપર પાસપોર્ટ સાઇઝનો ઉમેદવારનો ફોટોગ્રાફ ચોંટાડવો અને તેની ઉપર પોતાની સહી કરવી.

૨.૩ અધૂરી વિગતોવાળી અરજીઓ બાબતે કોઈપણ જાતનો પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં.

૩. અરજદારે તેમની છેલ્લી પરીક્ષા સરદાર પટેલ યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીમાંથી પાસ/નાપાસ કરી હોય તો પ્રવેશ મેળવ્યા બાદ સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી કામચલાઉ એલિજિબિલિટી પ્રમાણપત્ર મેળવી કોલેજમાં રજૂ કરવું ફરજીયાત છે. કામચલાઉ પ્રવેશથી એક માસમાં જે તે યુનિવર્સિટીમાંથી અસલ માઈગ્રેશન સર્ટીફીકેટ આ યુનિવર્સિટીમાં જમા કરાવી કાયમી એલિજિબિલિટી સર્ટીફીકેટ મેળવવાનું રહેશે.

૪. **લાયકાત અંગેના નિયમો**

૪.૧ માન્ય કરેલ કોઈપણ યુનિવર્સિટીની ૧૦+૨+૩ની તરાહની પદવી પરીક્ષામાં NCTE એ નક્કી કરેલા **સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાના કુલ ગુણ (Aggregate) ના ઓછામાં ઓછા ૫૦%, સાયન્સ અને મેથેમેટીક્સ વિષયના સ્પેશ્યલાઈઝેશન સાથે એન્જીનિયરીંગ અથવા ટેકનોલોજીની ડિગ્રી ધરાવનાર માટે ૫૫% ગુણ મેળવી પાસ કરનાર બી.એડ્.ના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણાશે.**

૪.૨ SC/ST કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓને ઉપરોક્ત ક્રમાંક ૪.૧માં ૫% છૂટછાટ આપવામાં આવશે.

૫. અરજીપત્રકમાં દર્શાવેલ ટેબલ-૧ અને ૨ ભરવા માટે નીચે પ્રમાણે સૂચના ધ્યાનમાં લેવી.

૬. ટેબલ-૧ માટે

(૧) તમારી માર્કશીટ પર જે નામ છે તે રીતે જ લખવું.

(૨) Reserve Category માં નીચે પ્રમાણે યોગ્ય કોડના ખાનામાં (✓) નિશાની કરો. અને અધિકૃત અધિકારીની તાજેતરની પ્રમાણપત્રની ખરી નકલ જોડવી.

અનુસૂચિત જાતિ - SC　　અનુસૂચિત જનજાતિ - ST　　સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત- SEBC

શારીરિક ખોડખાંપણ - PH　　માજી સૈનિક સંતાન - Ex-Serviceman

૬.૧ ટેબલ -૨ માટે (૧) University Code નીચે પ્રમાણે દર્શાવો. (કોલમ નં. ૨)

- જો સ્નાતક પરીક્ષા સ.પ. યુનિ. માંથી પાસ કરી હોય તો - SPU (**આણંદ તથા ખેડા જિલ્લાની તમામ કોલેજો**)
- જો સ્નાતક પરીક્ષા સ.પ. યુનિ. સિવાયની ગુજરાતની અન્ય યુનિ. માંથી પાસ કરી હોય તો - OUG
- જો સ્નાતક પરીક્ષા ગુજરાત રાજ્ય બહારની યુનિ. માંથી પાસ કરી હોય તો - OUT

Three Major Subject થી સ્નાતક/અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓએ જે તે યુનિવર્સિટીમાંથી ક્યા મુખ્ય વિષયથી પરીક્ષા પાસ કરેલ છે. જે અંગેનું પ્રમાણપત્ર અવશ્ય રજૂ કરવું.

૬.૨ સ્નાતક કક્ષાએ તમારો જે મુખ્ય વિષય હોય તેનો કોડ નીચે પ્રમાણે આંકડામાં દર્શાવો. (કોલમ નં. ૩)

| કોડ નં. | વિષય |
|---|---|
| 01 | Gujarati |
| 02 | Hindi |
| 03 | English |
| 04 | Sanskrit |
| 05 | History (Social Sci.) |
| 06 | Economics |
| 07 | Geography(Social Sci.) |

| કોડ નં. | વિષય |
|---|---|
| 08 | Sociology |
| 09 | Political Science |
| 10 | Philosophy |
| 11 | Psychology |
| 12 | Commerce |
| 13 | Biosciences |
| 14 | Chemistry |

| કોડ નં. | વિષય |
|---|---|
| 15 | Mathematics |
| 16 | Physics |
| 17 | Statistics |
| 18 | Electronics |
| 19 | Microbiology |
| 20 | B.Sc. Home Sci. |
| 21 | Others * |

* ઉપરોક્ત કોડ નં. ૨૧ "Others" વિષયોમાં સ્નાતક કક્ષાએ નિયત લાયકાત ધરાવતા બીબીએ, બીસીએ, બીએ (હોમસાયન્સ), બીફાર્મ, એમબીબીએસ, બીએચએમએસ, સાયન્સ અને મેથેમેટીક્સ વિષયના સ્પેશ્યલાઈઝેશન સાથે એન્જીનિયરીંગ અથવા ટેકનોલોજીની ડિગ્રી ધરાવનાર તથા અન્ય અભ્યાસક્રમોનો સમાવેશ કરેલ છે. આ અભ્યાસક્રમમાં લાયકાત ધરાવનાર માટે બી.એડ્. પ્રવેશ ફોર્મ ભરનારે પ્રથમ રાઉન્ડમાં જે તે વિષયોની ખાલી સીટો હશે, તેમ માનીને બી.એડ્. ફોર્મ ભરી શકશે અને તેવા વિદ્યાર્થીઓએ **બીજા રાઉન્ડમાં** જ પ્રવેશ માટે હાજર રહેવું. પ્રવેશ મળી જશે એવું માનવું નહી. પોતાની જવાબદારી ઉપર પ્રવેશ ફોર્મ ભરી શકશે. જે તે કોલેજના આચાર્યશ્રી/બી.એડ્. પ્રવેશ સેલના અંતિમ નિર્ણયને આધીન આવા અભ્યાસક્રમમાં (વિષયવાળા) પ્રવેશાર્થીઓને જે તે કોલેજમાં પ્રવેશ માટે **તા. ૧૫-૫-૨૦૧૭** (પાન નં. ૭) ઉપર દર્શાવેલ વિષયો પ્રમાણે નિયત સમયે હાજર રહેવું.

૬.૩ જે તે કોલેજમાં વિષય શિક્ષણ પદ્ધતિ અધ્યાપનની સુવિધા હશે તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.

૬.૪ Mark obtainedના ખાનામાં સ્નાતક કક્ષાના એગ્રીગેટ/ગ્રાન્ડ ટોટલ માર્કસ (પ્રાપ્ત) અને કુલ માર્કસ દર્શાવો. દા.ત. ૬૫૦/૧૧૦૦, ૪૦૦/૯૦૦, ૧૨૦૦/૨૦૮૦ વગેરે (કોલમ નં. ૪)

૬.૫ જો અનુસ્નાતક પરીક્ષાનું દ્વિતીય વર્ષ પાસ કરી લીધું હોય તો જ જનરલ ફોર્મના કોલમ નં. ૬માં ઉપર ક્રમાંક ૬.૧ દર્શાવ્યા મુજબ SPU, OUG અથવા OUT દર્શાવો. (અનુસ્નાતક પરીક્ષાની માત્ર પાર્ટ-૨ પરીક્ષા આપી હોય તો આ કોલમ ભરવું નહીં.)

૬.૬ અનુસ્નાતક પરીક્ષામાં મેળવેલા ગુણ જનરલ ફોર્મના કોલમ નં.૪ પ્રમાણે કોલન નં. ૮ માં લખવા. દા.ત. ૪૮૦/૮૦૦ વગેરે.

૬.૭ અનુસ્નાતક કક્ષાએ મેળવેલો વર્ગ FIRST, SECOND કે PASS એમ લખો. (કોલમ નં. ૯)

૬.૮ જનરલ ફોર્મના કોલમ નં.૧૦માં વેઈટેજમાં જો અનુસ્નાતક કક્ષાએ મેળવેલો FIRST વર્ગ હોય તો ૧૦, SECOND હોય તો ૭ અને PASS (ઓછામાં ઓછા ૪૦%) હોય તો ૫ લખવું. **જે વિષયનાં સ્નાતક થયા હશે તે જ વિષયમાં અનુસ્નાતક હશે તો જ વેઈટેજ મળશે.**

૭. **અરજીપત્રક અને માહિતી પુસ્તિકા મેળવવાની પ્રક્રિયા :**
અરજીપત્રક અને માહિતી પુસ્તિકા યુનિવર્સિટીની વેબસાઈટ www.spuvvn.edu/students_corner/admissions ઉપરથી ડાઉનલોડ કરીને ભરવાનું રહેશે. જેની કિંમત રૂા. ૨૦૦/- (અંકે રૂા. બસો પુરા) રોકડા અથવા રૂા. ૨૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ The Registrar, Sardar Patel University, Vallabh Vidyanagarના નામનો રૂબરૂ/ટપાલથી યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાનો રહેશે.

૮. વેબસાઈટ પરથી ડાઉનલોડ કરેલ અરજીપત્રક માંગેલી વિગતો સંપૂર્ણ અને યોગ્ય રીતે ભરીને **તારીખ : ૧૦.૩.૨૦૧૭** સુધીમાં મળી જાય તે રીતે રજીસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, યુનિવર્સિટી રોડ, વલ્લભ વિદ્યાનગર -૩૮૮ ૧૨૦, જી. આણંદમાં અરજીપત્રક સાથે રજૂ કરવાના દસ્તાવેજોની પ્રમાણિત કરેલી નકલો સહિત રજૂ કરવાનું રહેશે / પહોંચતું કરવાનું રહેશે.

૯. અરજીપત્રક સ્વીકારવા માટે નક્કી કરવામાં આવેલી છેલ્લી તારીખ અને સમયમર્યાદા સુધીમાં પ્રવેશ સમિતિના કાર્યાલયને રૂબરૂમાં ચકાસણી કરાવી જરૂરી પૂર્તતા સાથે રજૂ કરવામાં નહીં આવે તેવા અરજીપત્રકો પ્રવેશ માટે વિચારણામાં લેવામાં આવશે નહીં અને તે રદબાતલ ગણાશે.

૧૦. જો ઉમેદવારે પ્રવેશ માટે એક કરતાં વધારે અરજીપત્રક ભરીને મોકલ્યા હશે તો પ્રવેશ સમિતિ કાર્યાલયમાં અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે અરજીપત્રક છેલ્લું નોંધાયેલું હશે તે જ અરજીપત્રક પ્રવેશ માટે વિચારણામાં લેવામાં આવશે અને તે સિવાયના અરજીપત્રક રદબાતલ ગણાશે.

૧૧. ઉમેદવારે જે તે એક જ કેટેગરી માટે અરજી કરી શકશે. અને અરજીપત્રકમાં દર્શાવેલી કેટેગરી અને તેને લગતા જાતિ અંગેના પ્રમાણપત્રો અરજીપત્રક સાથે રજૂ કર્યા બાદ તેમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહીં. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અને શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જાતિનો ઉલ્લેખ ન હોય તેવા સંજોગોમાં પૂરક પૂરાવા ન રજૂ કરનાર ઉમેદવારોની અરજી માત્ર બિનઅનામત ઉમેદવાર તરીકે નોંધવામાં આવશે.

૧૨. ઉમેદવારે નીચે દર્શાવેલા પ્રમાણપત્રો અને ગુણપત્રકોની પ્રમાણિત કરેલ નકલો, વિગેરે બીડવી. જો અસલ પ્રમાણપત્રો જોડવામાં આવશે તો તે અંગેની જવાબદારી પ્રવેશ સમિતિની રહેશે નહીં. આમ છતાં, પ્રવેશ માટેની રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યુ) વખતે ઉમેદવારે મૂળ પ્રમાણપત્રો, ગુણપત્રકો વગેરે સમિતિ સમક્ષ રજૂ કરવાના રહેશે.

૧૨.૧ માન્ય બોર્ડની એસ.એસ.સી. (ધોરણ-૧૦)ની પરીક્ષાનું ગુણપત્રક

૧૨.૨ માન્ય બોર્ડની ધોરણ ૧૨ અથવા સમકક્ષ પરીક્ષાનું ગુણપત્રક તથા સ્કૂલ લિવીંગ સર્ટીફિકેટ

૧૨.૩ માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક અથવા સમકક્ષ પરીક્ષાના ગુણપત્રકો FY,SY,TY ત્રણેય વર્ષના/સેમેસ્ટર વાઈઝ

૧૨.૪ માન્ય યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક અથવા સમકક્ષ પરીક્ષાના ગુણપત્રકો પ્રિવિયસ અને ફાઈનલ વર્ષના/સેમેસ્ટર વાઈઝ

૧૨.૫ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક જુથમાં સમાવિષ્ટ ન હોય તેવી વિચરતી અને વિમુક્ત જાતિના સક્ષમ અધિકારીએ આપેલું પ્રમાણત્ર.
સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ અથવા વિધવા અથવા અરજદારે આપવાનું તેમની જાતિ/વર્ગ અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (લાગ પડતું હોય તો).

૧૨.૬ સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગમાં સમાવિષ્ટ અને તે અંગેનાં અનામતનો લાભ મેળવવા ઈચ્છતા અરજદારનાં પિતા/વાલી કુટુંબનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેનું સક્ષમ અધિકારીએ આપેલું પ્રમાણપત્ર. (નમૂનો જુઓ પાન નં. ૨૦)

૧૨.૭ વિકલાંગતા અંગેનું નિયત નમુનામાં પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો).

૧૨.૮ માજી સૈનિક/સશસ્ત્ર દળની વ્યક્તિઓનાં સંતાનોનાં કિસ્સામાં તેમને લાગુ પડતું સક્ષમ અધિકારી પાસેથી મેળવેલું પ્રમાણપત્ર

૧૩. કોઈપણ સંજોગોમાં અસલ પ્રમાણપત્રો અરજી પત્રક સાથે સામેલ કરવાના નથી.

૧૪. દરેક બી.એડ્. કોલેજમાં નીચે પ્રમાણેની ૫૩% સીટો અનામત રાખવામાં આવશે.

| અનુ. નં. | વિગત | ટકાવારી | અનુ. નં. | વિગત | ટકાવારી |
|---|---|---|---|---|---|
| (૧) | અનુસૂચિત જાતિ | ૭% | (૪) | શારીરિક ખોડખાંપણ | 3% |
| (૨) | અનુસૂચિત જનજાતિ | ૧૫% | (૫) | માજી સૈનિક | ૧% |
| (3) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત | ૨૭% | | | |

૧૫. **ગુણવત્તા યાદી :**

૧૫.૧ નિયત સમય મર્યાદામાં પ્રવેશ માટે નિયત અરજીપત્રકમાં અરજી કરી હોય અને કોલમ ૪માં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેવા પ્રવેશને પાત્ર ઉમેદવારોની ગુણવત્તા યાદી નીચે મુજબ બનાવવામાં આવશે.

૧૫.૨ ઉમેદવારે સ્નાતક કક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે ગુણવત્તા યાદી તૈયાર થશે જેમાં ઉમેદવારે તા. ૧-૨-૨૦૧૭ પહેલાં **અનુસ્નાતક પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી હોય તો ૧૦, બીજા વર્ગમાં પાસ કરી હોય તો ૭ અને ઓછામાં ઓછા ૪૦%થી પાસ થયેલા કિસ્સામાં ૫ ગુણભાર ઉમેરવામાં આવશે.**

૧૫.૩ ગુણવત્તાયાદીમાં અનુસ્નાતક પરીક્ષાનો વધારાનો ગુણભાર ઉમેરવા માટે જે તે ઉમેદવારને અનુસ્નાતક પરીક્ષાની માર્કશીટમાં જે વર્ગ દર્શાવ્યો હશે તેને જ ધ્યાનમાં લેવામાં આવશે.

૧૫.૪ ગ્રેડ સિસ્ટમ પદ્ધતિ દર્શાવેલ માર્કશીટ વાળા વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટ જે તે યુનિવર્સિટીમાંથી એગ્રીગેટ/ગ્રાન્ડ ટોટલ માર્કર્સ (પ્રાપ્ત) અને કુલ માર્કર્સ દર્શાવેલી રજૂ કરવી.

૧૬ **અનામત બેઠકો :**

૧૬.૧ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ (ગારુડી અને જોગી જાતિ સહિત) માટે અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે ૭% અને અનુસૂચિત (ગારુડી અને જોગી જાતિ સહિત) જનજાતિના ઉમેદવારો માટે ૧૫% બેઠકો અનામત રાખવામાં આવશે.

૧૬.૨ ઉપર ૧૬.૧માં દર્શાવેલ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (ગારુડી અને જોગી જાતિ સહિત)ની અનામત બેઠકો ઉપર ફક્ત ગુજરાત સરકારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તરીકે માન્ય કરેલ હોય અને મૂળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પ્રવેશને પાત્ર ગણવામાં આવશે.

૧૬.૩ અનૂસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તરીકે જે તે સંબંધિત અનામત કેટેગરીની ગુણવત્તા યાદીમાં સમાવેશ કરી બિન અનામત બેઠકો ઉપર પણ ગુણવત્તા અનુસાર પ્રવેશ સ્વીકારવાનો વિકલ્પ આપવામાં આવશે.

૧૬.૪ શૈક્ષણિક વર્ષમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના (ગારુડી અને જોગી જાતિ સહિત)ના ઉમેદવારો માટે ફાળવવમાં આવેલ બેઠકો માટે પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે ખાલી રહેતી હશે તો તે બેઠકો બિન અનામત બેઠકો માટેની ગુણવત્તાક્રમ યાદી પૈકીના ઉમેદવારોમાંથી નિયમ પ્રમાણે ગુણવત્તા અનુસાર ભરવામાં આવશે. અનુસૂચિત જનજાતિના ઉમેદવારોથી બેઠકો ભરાયા પછી ખાલી રહેતી બેઠકો યુનિવર્સિટી દ્વારા નિયત કરાતા પ્રવેશ સમયના નિયમો અને નિર્ણયને આધિન રહેશે.

૧૬.૫ ઉપર દર્શાવેલ પછાત જાતિના ઉમેદવારો માટેની અનામત બેઠકો ઉપર પ્રવેશ ઈચ્છતા ઉમેદવારોએ ફક્ત નીચે દર્શાવેલા સત્તાધિકારીઓ પૈકીના કોઈપણ એક અધિકારીએ સહી કરી આપેલ અને મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

૧૬.૬ જીલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જીલ્લા મેજીસ્ટ્રેટ/નાયબ કમિશ્નર/કલેક્ટર, વધારાના નાયબ કમિશ્નર/નાયબ કલેક્ટર/પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ/સી.ટી. મેજીસ્ટ્રેટ/પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ (પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહિ), તાલુકા મેજીસ્ટ્રેટ/કાર્યપાલક મેજીસ્ટ્રેટ.

૧૬.૭ મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ/વધારાના મુખ્ય મેજીસ્ટ્રેટ/પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ.

૧૬.૮ સમાજ કલ્યાણ નિયામક અને જિલ્લા સમાજ અધિકારી.

૧૬.૯ મામલતદારથી ઉતરતી કક્ષાના નહિ તેવા મહેસુલ અધિકારીઓ.

૧૬.૧૦ ઉમેદવાર અને અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૧૬.૧૧ વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદ્વિપ અને મિનિકોટ ટાપુઓ.

૧૬.૧૨ જિલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ.

૧૬.૧૩ જિલ્લા પછાત કલ્યાણ અધિકારીઓ (વર્ગ-૧).

૧૬.૧૪ તકેદારી અધિકારી (વર્ગ-૧).

૧૬.૧૫ અન્ય રાજ્યના અનામત જાતિના ઉમેદવારો જો ગુજરાત રાજ્યની યાદીમાં સામેલ હોય તેવા સંજોગોમાં અનુ. જાતિ અને અનુ. જનજાતિ માટે વર્ષ ૧૯૫૦ પહેલા રાજ્યમાં સ્થાયી થયા હોય તેના પૂરાવા સદર આધાર સહિત અરજીપત્રક રજુ કરવાનું રહેશે. તે સિવાય અરજી બિન અનામત જૂથ સામે નોંધવામાં આવશે.

૧૭. **સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે :**

૧૭.૧ ફક્ત ગુજરાત સરકારે માન્ય કરેલ મુળ ગુજરાતના વતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના ઉમેદવારો માટે નીચેની શરતોને આધીન ૨૭% બેઠકો અનામત રાખવામાં આવશે. આ ૨૭% અનામત બેઠકોમાં દરેક જાતિની વિધવાઓ અને અનાથ ઉમેદવારોનો પણ સમાવેશ કરવામાં આવશે.

૧૭.૨ સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિની અનામત બેઠકો ઉપર પ્રવેશ ઈચ્છતા ઉમેદવારોએ તેમના પિતા/વાલી/કુટુંબનો 'ઉન્નતવર્ગ' (ક્રિમીલેયર)ની વ્યક્તિ/જૂથમાં સમાવેશ થતો નથી તે અંગેનું નીચે દર્શાવેલ સત્તાધિકારીઓ પૈકીના કોઈપણ એક સક્ષમ અધિકારીનું નિયત નમૂનામાં પ્રમાણપત્ર મેળવીને રજૂ કરવાનું રહેશે. (નમૂનો આ સાથે સામેલ છે.)

૧૭.૩ જિલ્લા મેજીસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ/કલેક્ટર/ડેપ્યુટી કમિશ્નર/નાયબ કલેક્ટર/અધિક ડેપ્યુટી કમિશ્નર/પ્રથમ વર્ગના સ્ટાઈપેન્ડરી મેજીસ્ટ્રેટ/સબ ડિવીઝન મેજીસ્ટ્રેટ/તાલુકા મેજીસ્ટ્રેટ/એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ/વધારાના આસીસ્ટન્ટ કમિશ્નર (પ્રથમ વર્ગના સ્ટાઈપેન્ડરી મેજીસ્ટ્રેટથી નીચેની કક્ષાના ન હોય તેવા)

૧૭.૪ ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ/ વધારાના ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ/પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ.

૧૭.૫ મામલતદાર (તહેસીલદાર)થી નીચેની કક્ષાના ન હોય તેવા મહેસુલી અધિકારી અને

૧૭.૬ ઉમેદવાર સામાન્ય રીતે જ્યાં રહેતા હોય તે વિસ્તારના સબ ડીવીઝનલ ઓફસર.

૧૭.૭ જો ઉમેદવાર ''ઉન્નતવર્ગ'' અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી પાસેથી મેળવીને રજૂ નહીં કરે તો તેમની અરજી સામાજિક અને શૈક્ષણિક પછાત જાતિની અનામત બેઠકો ઉપર પ્રવેશ માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

**૧૮. વિકલાંગ (ફીઝીકલી હેન્ડીકેપ્ડ) ઉમેદવારો માટે :**

૧૮.૧ વિકલાંગ (ફીઝીકલી હેન્ડીકેપ્ડ) ઉમેદવારો માટે ૩% બેઠકો અનામત રાખવામાં આવશે.

૧૮.૨ આ ૩% અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારો ઓછામાં ઓછી ૪૦% અને વધુમાં વધુ ૬૦% વિકલાંગતા (ફીઝીકલી હેન્ડીકેપ્ડ) ધરાવતા હશે ફક્ત તેઓને જ આ અનામત બેઠકો ઉપર ગુણવત્તા અનુસાર પ્રવેશને પાત્ર ગણવામાં આવશે. આમ છતાં વિકલાંગતા (ફીઝીકલી હેન્ડીકેપ્ડ) તેમના અભ્યાસ દરમિયાન જરૂરી કામ કરવા માટે અવરોધક હોવી જોઈએ નહીં.

૧૮.૩ વિકલાંગ (ફીઝીકલી હેન્ડીકેપ્ડ) ઉમેદવારોને ફાળે આવતી બેઠકો માટે પ્રવેશ પાત્ર ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે ખાલી રહેતી બેઠકો બીન અનામત બેઠકો માટેની ગુણવત્તાયાદી પૈકીના ઉમેદવારોમાંથી નિયમ પ્રમાણે ગુણવત્તા અનુસાર ભરવામાં આવશે.

૧૮.૪ વિકલાંગતા (ફીઝીકલી હેન્ડીકેપ્ડ) માટે નિયત કરેલ પ્રમાણપત્રોનો નમુનો આ સાથે આપવામાં આવેલ છે. જેની ઉપર ઓર્થોપેડીક સિવિલ સર્જનશ્રીની સહી અનિવાર્ય છે.

૧૮.૫ દૃષ્ટિ વિકલાંગતા માટે અનામતની જોગવાઈ છે. અલબત્ત એ માન્ય પ્રમાણની વિકલાંગતા હોવી જોઈએ અને પ્રવેશ મળે વર્તમાન પ્રાપ્ત સુવિધાઓમાં ભણવાનું રહેશે.

**૧૯. માજી સૈનિક/સશસ્ત્ર દળ/ પારા મિલીટરી ફોર્સીસની વ્યક્તિઓના સંતાનો માટે :**

૧૯.૧ નીચે દર્શાવેલ કેટેગરીના વ્યક્તિઓના સંતાનો માટે ૧% (એક ટકો) બેઠકો અનામત રાખવામાં આવશે.

૧૯.૨ માજી સૈનિકો (એક્ષ સર્વિસમેન)

૧૯.૩ સશસ્ત્ર દળની વ્યક્તિઓ (આર્મ્ડ ફોર્સીસ પર્સોનલ)

૧૯.૪ સિવિલ જી.ટી. કંપની (જેઓ યુદ્ધ મેદાનમાં સેવા બજાવતા મૃત્યુ પામ્યા હોય અથવા કાયમી અશક્ત બનેલ હોય)

૧૯.૫ બોર્ડર સીક્યુરીટી ફોર્સ (બી.એસ.એફ.)

૧૯.૬ સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ (સી.આર.પી.એફ.)

૧૯.૭ જનરલ રીઝર્વ એન્જિનિયરીંગ ફોર્સ (જી.આર.ઈ.એફ.)

૧૯.૮ ઈન્ડો-તિબેટીઅન બોર્ડર પોલિસ (આઇ.ટી.બી.પી.)

૧૯.૯ ઈન્ડો-તિબેટીઅન સીક્યુરીટી ફોર્સ (આઇ.ટી.એસ.એફ.)

૧૯.૧૦ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સીક્યુરીટી ફોર્સ (સી.આઈ.એસ.એફ.)

૨૦. ઉમેદવારે પોતાના પૂરેપૂરા સરનામાવાળા પિન કોડ નં. સહિત 23cm x 10cmની સાઈઝના બે કવર અરજીપત્રક સાથે ફરજીયાતપણે જોડવાના રહેશે.

૨૧. જો ઉમેદવાર ગંભીર માંદગી/અકસ્માત કે અનિવાર્ય કારણોસર પ્રવેશની તારીખે રૂબરૂ હાજર રહી શકે તેમ ન હોય અને માતા-પિતા અધિકૃત વાલીના ઉમેદવારની સહી સાથેના પસંદગી વિકલ્પ તથા ઉમેદવાર ઉપસ્થિત ન રહેવાના કારણોના આધારભૂત પૂરાવા સાથે નિયત તારીખ અને સમયે ઉપસ્થિત રહેશે, તો તે ઉમેદવાર પ્રવેશપાત્ર થશે.

૨૨. જે તે કેટેગરી માટેની જે તે દિવસની પ્રવેશ કાર્યવાહી ચાલુ હોય ત્યારે જે ઉમેદવારે માહિતી પુસ્તિકામાં દર્શાવ્યા મુજબ પોતાનો પ્રવેશ હક્ક જતો કર્યો હોય તેવા કિસ્સામાં જો ઉમેદવારને વિચાર બદલાય અને તે જ દિવસે અને દિવસના અંતે જે કોલેજની બેઠકો ખાલી હોય ત્યાં પુનઃ નિયત પત્રકમાં લેખિત અરજી કરતાં પ્રવેશ અરજી કરતાં પ્રવેશ સમિતિ તેને પ્રવેશ આપવાનું વિચારી શકશે.

૨૩. જો કોઈ ઉમેદવાર નિયત તારીખ, સમયે અને સ્થળે રૂબરૂ પ્રવેશ માટે કોઈપણ કારણોસર ઉપસ્થિત ન રહે તો તે કારણે ખાલી પડેલી બેઠક ગુણવત્તા યાદી પૈકીના તેના પછીના ઉમેદવાર/ઉમેદવારોથી ભરવામાં આવશે.

૨૪. **<u>પ્રવેશ માટે બોલાવેલ વિદ્યાર્થીને પ્રવેશ આપવા અંગેની કોઇ જ બાંહેધરી આપવામાં આવતી નથી.</u>**

૨૫. જે ઉમેદવારને પ્રવેશ માટે બોલાવવામાં આવ્યા હોય તેમણે અરજીપત્રક સાથે જોડેલ ગુણપત્રકોની, અસલ નકલો પ્રવેશ સમિતિ સમક્ષ અવશ્ય રજૂ કરવાની રહેશે.

૨૫.૧ જે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવે તેણે તે જ દિવસે અને સમયે સંપૂર્ણ ફી ભરવાની રહેશે, અને ફી ભરવા માટે સમય લંબાવી આપવામાં આવશે નહીં.

૨૫.૨ અનુદાન મેળવતી બી.એડ્. કોલેજમાં વિદ્યાર્થીદીઠ વાર્ષિક ફીનું ધોરણ પેજ નં. ૧૫માં અનુક્રમ નં. ૧ થી ૮માં દર્શાવેલ કોલેજોની સામે જણાવ્યા મુજબની ફીનું ધોરણ રહેશે. જ્યારે નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે ચાલતી બી.એડ્. કોલેજમાં ફી નું ધોરણ ક્રમાંક ૨૮.૧થી દર્શાવ્યા પ્રમાણે રહેશે.

૨૫.૩ ફી નહીં ભરનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ થયેલો ગણાશે.

૨૬. **રૂબરૂ પ્રવેશ વખતે જો કોઇ ગુણપત્રક, પ્રમાણપત્ર વિગેરે બનાવટી માલુમ પડશે તો પ્રવેશ આપવામાં આવશે નહીં અને કાયદેસર પોલીસ કાર્યવાહી કરવામાં આવશે. ઇન્ટરવ્યુ સમયે પ્રવેશ આપ્યા પછી પણ પાછળથી જો કોઇ ગુણપત્રકો, પ્રમાણપત્રો અન્ય પુરાવાઓ વગેરે ખોટા કે બનાવટી હોવાની જાણ થશે તો તેવા ઉમેદવારોનો પ્રવેશ તાત્કાલિક રદ કરવામાં આવશે અને તેની સામે કાનુની કાર્યવાહી કરવામાં આવશે.**

૨૭. યુનિવર્સિટી કે બી.એડ્. પ્રવેશ સમિતિ પ્રવેશ અંગેની છેલ્લી તારીખ (કટ ઓફ ડેટ) નક્કી કરે તે તારીખ પછી પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨૮. **સ્વનિર્ભર (સેલ્ફ-ફાઇનાન્સીંગ-અનએઇડેડ) કોલેજોમાં તમાક બેઠકો ઉપર્યુકત ક્રમાંક ૧૫માં દર્શાવ્યા પ્રમાણે ગુણવત્તા યાદી મુજબ ભરવામાં આવશે.**

૨૮.૧ નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે ચાલતી બી.એડ્. કોલેજોની વાર્ષિક ફી રાજ્ય સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે મુજબ રહેશે. વિવાદની બાબતમાં નામદાર ગુજરાત હાઇકોર્ટનો નિર્ણય અંતિમ ગણાશે.

૨૮.૨ ઉપર ક્રમાંક ૧૪માં દર્શાવ્યા પ્રમાણે ૫૩% અનામત બેઠકો તથા આ તમામ સીટોની ફાળવણી ક્રમાંક ૧.૩માં દર્શાવ્યા મુજબની રહેશે.

૨૯. કોઇપણ કારણસર પ્રવેશ લીધા બાદ અને શૈક્ષણિક વર્ષ / સત્રમાં અભ્યાસ છોડી દેનાર ઉમેદવારને ફી રીફંડ મળવાપાત્ર નથી.

૩૦. રૂબરૂ મુલાકાત માટે પ્રવેશાર્થીએ સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

૩૧. પ્રવેશ અંગેની સંબંધિત સર્વે બાબતોમાં કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા ગણાશે.

(**નોંધ :** આ માહિતી પુસ્તિકામાં પ્રવેશ અંગેની કાર્યપદ્ધતિ અને નિયમોનો ફક્ત પ્રાથમિક ખ્યાલ જ આપવામાં આવેલ છે. પ્રવેશ અંગેની સર્વ કાર્યવાહી માટે તેમજ નિયમો અને વિનિમયોના અર્થઘટન માટે યુનિવર્સિટી તરફથી વખતોવખત બહાર પાડવામાં આવેલ આ અંગેના મૂળ ઠરાવ / હુકમો / સુચનાઓ વગેરે આધારરૂપ અને પ્રમાણભૂત ગણવામાં આવશે.)

## જાતિ પ્રમાણપત્ર

## સામાજિક અને શૈક્ષિણક પછાત વર્ગના ઉમેદવારો માટે જાતિ પ્રમાણપત્રનો નમૂનો

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે_______________જિલ્લાના ______________ તાલુકાના _______________ગામના શ્રી/કુ. ________________________________________________ (પિતા/વાલીનું નામ) ____________________________________________________________ના પુત્ર/પુત્રી ________________________________ (ઉમેદવારનું નામ) ______________ જ્ઞાતિના છે, જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના તા. ૧-૪-૭૮ના ઠરાવ નંબર બકર/૧૦૭૯/૧૩૭૩૪/હ. તેમજ ત્યારબાદના વખતો વખત બહાર પાડવામાં આવેલ સુધારા/વધારાની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ છે.

તારીખ :
(સીલ)
હોદ્દો :

________________________
(સક્ષમ અધિકારીની સહી)

# 'ઉન્નત વર્ગો' સંબંધી પ્રમાણપત્રો (રાજ્ય સરકાર)

રાજ્ય સરકારની નોકરીઓ/ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારોએ રજૂ કરવાના પ્રમાણપત્રનો નમૂનો...

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ________ જિલ્લાના ___________ તાલુકાના ____________ ગામના શ્રી/કુ. __________________________ (પિતા/વાલીનું નામ) ____________________________________ના પુત્ર/પુત્રી ________________________________ (ઉમેદવારનું નામ) ______________________ જ્ઞાતિના છે. જેને સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧-૪-૭૮ના ઠરાવ નંબર બકર/૧૦૭૯/૧૩૭૩૪/હ. તેમજ ત્યારબાદના વખતોવખતના બહાર પાડવામાં આવેલ સુધારા/વધારાની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે જાહેર કરેલ છે.

શ્રી (પિતા/વાલીનું નામ) ________________________________________ અને/અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજ્યના _________________ જિલ્લાના રહીશ છે. આથી એ પ્રમાણિત કરવામાં આવે છે કે તે/તેણીનો ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા. ૧-૧૧-૯૫ના ઠરાવ નંબર : સશપ/૧૧૯૪/ખા-૧૦૯અ, સાથેના પરિશિષ્ટથી નિયત કરવામાં આવેલ ઉન્નતવર્ગો (ક્રીમીલેયર)ની વ્યક્તિ/જૂથમાં સમાવેશ થતો નથી.

તારીખ : (સક્ષમ અધિકારીની સહી)
(સીલ) હોદ્દો

નોંધ :

(ક) ઉપર દર્શાવેલ ''સામાન્ય રીતે'' શબ્દનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯ (રીપ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ, એક્ટ, ૧૯૫૦)ની કલમ-૨૦માં જણાવ્યા મુજબનો જ રહેશે.

(ખ) આવાં જાતિ પ્રમાણપત્રો રાજ્ય સરકારના રાજ્યપત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવે તે કિસ્સાઓમાં આવા પ્રમાણપત્રો આ જ નમૂનામાં પરંતુ જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ અધિકારીની પ્રતિ સહીવાળા હોવા જોઈએ. (રાજ્યપત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા અને જિલ્લા મેજીસ્ટ્રેટ/સક્ષમ અધિકારીઓ દ્વારા ખરાઈ કરવામાં આવેલા (એટેસ્ટેડ) પ્રમાણપત્રો પૂરતા ગણવામાં આવશેનહિં.)

(ગ) પરિશિષ્ટ-૬(બ)માં દર્શાવેલ પ્રમાણપત્રોના નમૂનાના પેરા (૨)માં પિતાનું નામ દર્શાવવાનું રહે છે. પિતા હયાત ન હોય તો માતાના નામનું પ્રમાણપત્ર મેળવવાનું રહે છે.

(ઘ) આ પ્રમાણપત્ર ૩૧ માર્ચ-૨૦૧૭ મુજબના નાણાંકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭નું તાજું મેળવેલું હોવું જરૂરી છે.

---

Certificate for Physically Handicapped Candidate for admsssion to B.Ed. Degree Course (are those who have physical defect or deformity which cause an interference with the normal functioning of bones, muscles and joints)

Certified Dr. ______________________________________________________________ (Surgeon)
address ___________________________________________________________________________
Registration No. ___________________ have this ____________________________________ day
of _________________ 2017 _____________________________ examined the applicant whose particulars are given bellow and that he / she falls within the above definition.

1. Full Name of Candidate :

2.a) Nature of disability

(to be mentioned in the square on the right side)

POST POLIO PARALYSIS, HEMIPLECIA QUADRAPLEGIA, MALUNITED FRACTURE, NERVE PARALYSIS UPPER EXTERMITY, LOWER EXTERMITY CONGENITAL, ACQUIRED, ABOVE KNEE, BELOW KNEE, HIP, HEMIPEL, VECTOMY, SYMES, CHEOPARTS, WRIST, FINGERS, BELOW ELBO, ABOVE ELBOW, SHOULDERS FORE QUARTER, UNLATERAL BILATERAL.

b) Extent or disability
(to be indicated in the on the
Right side Estimate in percentages
MC bridd scale)

ON ANATOMICAL FUNCTIONAL (PATIENTS SSESSMENT) EXAMINER'S ASSESSMENT) ECONOMICAL BASIS MENTION AS PERCENTAGES (BELOW 40, 40-60, 60-90 TOTAL DISABILITY)

Despite of the disability whether candidate is fit to undergo Engineering and is above to discharge his duties as an Engineer thereafter. Please state YES OR NO in the square on the right side.

Counter verification by Dr.
Civil Surgeon (Surgeon)

I Certify that Shri / Kum. ______________________________ has been examined by Dr. ______________________________ Surgeon on ___________ 2017 and has been found handicapped and in my opinion, he/she is fit to undergo B.Ed. Education and discharge his/her duties as teacher.

Place : Civil Surgeon

Date : Stamp

## યુનિવર્સિટી સંચાલિત, સંલગ્ન અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ્. કોલેજોની ટૂંકી માહિતી :

| અનુ. નં. | કોલેજનું નામ / સરનામુ / આચાર્યશ્રીનું નામ | સ્થાપના વર્ષ | સંસ્થાનો પ્રકાર / કોડ નં. | નેક એક્રિડેશન | ભૌતિક સુવિધાઓ | ટૂંકો પરિચય / સિદ્ધિ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ડૉ. આઇ.એન.વાઘેલા<br>કા.આચાર્ય, એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર<br>ફોન નં. ૦૨૬૯૨ -૨૨૬૮૩૬-૩૭ | ૧૯૬૦ | યુનિ. અંગભૂત કોલેજ અનુદાનિત ૩૧૩૦૪૩ | ગ્રેડ-એ સીજીપીએ ૩.૩૯ | વિશાળ મકાન, સમૃદ્ધ પુસ્તકાલય, પ્રયોગશાળા-૨, ભાઇઓ / બહેનો માટે હોસ્ટેલની સુવિધા | યુનિવર્સિટી સંચાલિત કોલેજ, પૂર્ણ સમયના અધ્યાપકો - ૧ + ૧૪ અનુભવી અધ્યાપકો દ્વારા શિક્ષણનું કાર્ય સાતત્યપૂર્ણ અધ્યાપન મૂલ્યાંકન-માર્ગદર્શન |
| ૨ | ડૉ. ડી.યુ. પટેલ<br>આચાર્ય, એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ભાલેજ રોડ, આણંદ.<br>ફોન નં. ૦૨૬૯૨ - ૨૫૦૮૩૭ | ૧૯૭૧ | અનુદાનિત ૩૧૩૦૨૨ | ગ્રેડ-બી સીજીપીએ ૨.૬૬ | પુસ્તકાલય, ઇન્ટરનેટ સુવિધા | સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ સંચાલિત પૂર્ણ સમયના ૫ + ૨ સહાયક અધ્યાપકો તમામ અદ્યતન દ્રશ્ય શ્રાવ્ય સાધનો |
| ૩ | ડૉ. ડી.આર.પરમાર<br>કા.આચાર્ય, આણંદ એજ્યુકેશન કોલજ, ગ્રીડની સામે, આણંદ<br>ફોન નં. ૦૨૬૯૨ - ૨૫૧૮૭૬ | ૧૯૮૧ | અનુદાનિત ૩૧૩૦૦૯ | ગ્રેડ-બી, ૨૦૦૮ સીજીપીએ ૨.૪૮ | કોમ્પ્યુટર લેબ, પુસ્તકાલય સુવિધા | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ , આણંદ સંચાલિત પૂર્ણ સમયના અધ્યાપકો ૧૦૦% પરિણામ |
| ૪ | ડૉ. રમેશચંન્દ્ર ડી. પંડયા<br>આચાર્ય, શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન, શ્રીમતી બી.ડી. રાવ કોલેજ કેમ્પસ, બેઠક રોડ, ખંભાત<br>ફોન નં. ૦૨૬૯૮ - ૨૨૦૨૫૦ | ૧૯૬૮ | અનુદાનિત ૩૧૩૦૧૨ | B+ | ૮૩ એકરનો કેમ્પસ, વિશાળ મકાન, કમ્પ્યુટર લેબ, દરેક રુમમાં સ્માર્ટ બોર્ડ, ઇન્ટરનેટ કનેકશન, પુસ્તકાલય, બૂક બેંકની સુવિધા, લેડીઝ હોસ્ટેલ | વીસ વર્ષથી વધુ શૈક્ષણિક અનુભવ ધરાવતા પ્રાધ્યાપકો, ૧૦૦% પરિણામ, સૌથી જૂની સંસ્થા (૧૯૬૮), સારાં માણસ સાથે સારાં શિક્ષકો તૈયાર કરવાની પ્રતિબદ્ધતા |
| ૫ | ડૉ. અનિલકુમાર જી. કાછીઆ<br>આચાર્ય, શ્રીમતી એસ.આઇ.પટેલ (ઇપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, કોલેજ કેમ્પસ, દંતાલી રોડ, પેટલાદ - ૩૮૮ ૪૫૦ તા. પેટલાદ જી. આણંદ<br>ફોન નં. ૦૨૬૯૭ - ૨૫૨૨૨૮ મો.નં. ૯૯૯૮૯ ૬૯૭૨૮ | ૧૯૭૦ | અનુદાનિત ૩૧૩૦૧૪ | Grade – B CGPA 2.58 | વિશાળ મકાન, સમૃદ્ધ પુસ્તકાલય, પ્રયોગશાળા, કમ્પ્યુટર લેબ, | ૧. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.એડ્. કોલેજ<br>૨. સંસ્થાનું દર વર્ષે ૧૦૦% પરિણામ<br>૩. ૦૪ વખત યુનિ. ગોલ્ડ મેડલ<br>૪. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (બી.એડ્.) અભ્યાસકેન્દ્ર |
| ૬ | ડૉ. જીતેષકુમાર કે. તલાટી<br>આચાર્ય, શ્રી આર. પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદ<br>ફોન નં. ૦૨૬૯૬ - ૨૨૨૫૧૯ | ૧૯૭૧ | અનુદાનિત જૂનોઃ૩૧૩૦૧૫ નવોઃ૧૩૮૮૪૦ | Grade : B CGPA 2.60 | સમૃદ્ધ પુસ્તકાલય, ઇન્ટરનેટ, હોસ્ટેલ, કોમ્પ્યુટર લેબ | જ્માામ વિદ્યાવાચસ્તતિ અનુભવી અધ્યાપકો, સ્માર્ટ બોર્ડ, દ્રશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા અધ્યાપન |

| અનુ. નં. | કોલેજનું નામ / સરનામુ / આચાર્યશ્રીનું નામ | સ્થાપના વર્ષ | સંસ્થાનો પ્રકાર / કોડ નં. | નેક એક્રિડેશન | ભૌતિક સુવિધાઓ | ટૂંકો પરિચય / સિદ્ધિ |
|---|---|---|---|---|---|---|
| ૭. | ડૉ. દીપક કે. ચૌધરી<br>કા. આચાર્ય, સેકન્ડરી ટીચર્સ ટ્રેનીંગ કોલેજ, ખેડા<br>ફોન નં. ૦૨૬૯૪ - ૨૨૪૨૦૩ મો.નં. ૯૭૨૩૬ ૧૮૦૫૫ | ૧૯૬૮ | અનુદાનિત<br>૩૧૩૦૦૨ | Grade : C<br>CGPA<br>1.95 | આધુનિક સુવિધાઓથી સજ્જ કમ્પ્યુટર લેબ, સમૃદ્ધ પુસ્તકાલય, વિશાળ મેદાન | અમદાવાદ કેળવણી ટ્રસ્ટ સંચાલિત કોલેજ પ્રાયોગિક શાળા સાથેનું શૈક્ષણિક સંકુલ |
| ૮ | ડૉ. અનિલકુમાર વરસાત<br>કા.આચાર્ય, એચ.એમ. પટેલ ઈન્સ્ટિ. ઓફ ઇંગ્લીશ ટ્રેઈનીંગ એન્ડ રીસર્ચ, વલ્લભ વિદ્યાનગર<br>ફોન નં. ૦૨૬૯૨ - ૨૩૦૧૯૩ | ૧૯૬૫ | અનુદાનિત<br>૩૧૪૦૦૧ | ગ્રેડ-બી+<br>૨.૯૧<br>૨૦૧૪ | સમૃદ્ધ પુસ્તકાલય, પ્રયોગશાળા, ઓડિયો વિઝન, કોમ્પ્યુટર લેબ | અંગ્રેજી ભાષા અને સાહિત્યના અભ્યાસ માટેના સ્નાતક, અનુસ્નાતક કક્ષા તથા M.Phil, Ph.D. ના અભ્યાસ IASEની માન્યતા આપવામાં આવેલ છે. |
| ૯. | ડૉ. નુસરત કાદરી<br>આચાર્યા, શ્રી આઇ.જે. પટેલ બી.એડ્. કોલજ, મોગરી<br>ફોન નં. ૦૨૬૯૨ - ૨૩૬૨૬૬ | ૨૦૦૦ | સ્વનિર્ભર<br>૩૨૧૦૧૦ | ગ્રેડ-બી,<br>સીજીપીએ<br>૨.૭૨ | વિશાળ નવુ મકાન, કોમ્પ્યુટર લેબ, પુસ્તકાલય સુવિધા | ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ સંચાલિત ગુજરાતની સર્વપ્રથમ સ્વનિર્ભર બી.એડ્. કોલેજ<br>૨૦૦૯થી એમ.એડ્. શરૂ કરેલ |
| ૧૦. | શ્રી પ્રકાશકુમાર બી. પટેલ<br>કા. આચાર્ય, આણંદ કોલજ ઓફ એજ્યુકેશન, ટાઉન હોલ પાસે, આણંદ<br>ફોન નં. ૦૨૬૯૨ - ૨૪૧૭૦૦ | ૨૦૦૩ | સ્વનિર્ભર<br>૩૨૩૦૨૫ | ગ્રેડ-બી,<br>સીજીપીએ<br>૨.૪૫ | અદ્યતન ભૌતિક સુવિધાઓ, કોમ્પ્યુટર લેબ | શ્રી રામકૃષ્ણ સેવા મંડળ , આણંદ સંચાલિત સ્વનિર્ભર કોલેજો પૈકી NAAC તરફથી સૌપ્રથમ એક્રીડેશન મેળવનાર સંસ્થા ૧૦૦% પરિણામ |
| ૧૧ | Dr. Sulbha Natraj<br>Principal, Waymade College of Education, Near GCET Engineering College, Bakrol Road<br>Vallabh Vidyanagar.<br>Phone No. (02692) 230050 | 2004 | Self Finance<br>૩૨૩૧૨૫ | NAAC<br>Gade-B<br>CGPA<br>2.83<br>2011 | Psychology Lab.<br>Language Lab.<br>Computer Lab. &<br>Sci. Lab. & Library etc. | B.Ed. (Advanced)<br>M.Ed. M.Phil, Ph.D.<br>100% placements |
| ૧૨. | ડૉ. આર.એસ.પ્રજાપતિ<br>આચાર્ય, પી.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર બાગ પાસે, નવા બસ સ્ટેન્ડ સામે, આણંદ.<br>ફોન નં. ૦૨૬૯૨ - ૨૫૩૬૫૬ | ૨૦૦૪ | સ્વનિર્ભર<br>૩૨૩૧૪૩ | નેક<br>ગ્રેડ-બી,<br>CGPA<br>2.32 | રમણીય શૈક્ષણિક સંકુલ, પુસ્તકાલય, લેબની સુવિધા | આણંદ પીપલ્સ મેડિકેર, આણંદ સંચાલિત ૧૦૦% પરિણામ |
| ૧૩. | ડૉ. (શ્રીમતિ) બીનાબેન મનીષકુમાર પારેખ<br>આચાર્યા, શ્રીમતી પુષ્પાબેન કનૈયાલાલ ઇનામદાર કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ-લાંભવેલ રોડ, મુ.પો.બાકરોલ (વલ્લભ વિદ્યાનગર)<br>ફોન નં. ૦૨૬૯૨ - ૬૪૫૮૩૯ | ૨૦૦૬ | સ્વનિર્ભર<br>૩૨૩૩૬૪ | - | કોમ્પ્યુટર લેબ, લાયબ્રેરીની સુવિધા | ઇનામદાર આર.આર. બ્રહ્મભટ્ટ મંડળ, બાકરોલ સંચાલિત<br>ઇન્સ્યોરન્સ એન્ડ મેડિકલ ફેસીલીટી ધરાવે છે. |

| અનુ. નં. | કોલેજનું નામ / સરનામુ / આચાર્યશ્રીનું નામ | સ્થાપના વર્ષ | સંસ્થાનો પ્રકાર / કોડ નં. | નેક એક્રિડેશન | ભૌતિક સુવિધાઓ | ટૂંકો પરિચય / સિદ્ધિ |
|---|---|---|---|---|---|---|
| ૧૪. | શ્રી હેડ્રીક મેકવાન<br>ડા. આચાર્ય, ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ<br>ફોન નં. ૦૨૬૯૨ - ૨૬૭૪૧૨ | ૨૦૦૭ | સ્વનિર્ભર<br>૩૨૩૪૨૫ | - | કોમ્પ્યુટર લેબ, વિશાળ સેમિનાર હોલ | ધ ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી, અમદાવાદ સંચાલિત સંસ્થા છે. ઉત્તરોત્તર ભૌતિક સુવિધાઓનો વિકાસ ૧૦૦% પરિણામ |
| ૧૫ | કુ. મીનાક્ષીબેન બી. પટેલ<br>ડા. આચાર્ય, એન.આર. પટેલ બી.એડ્. (કો.એડ્.) કોલેજ કરમસદ બસ સ્ટેન્ડ પાસે, કરમસદ<br>ફોન નં. ૦૨૬૯૨ - ૨૨૨૫૪૩ | ૨૦૦૮ | સ્વનિર્ભર<br>૩૨૩૩૩૨ | - | અભ્યાસક્રમોને લગતી તમામ સુવિધાઓ, હોસ્ટેલ | કરમસદ કેળવણી મંડળ, કરમસદ સંચાલિત ઉચ્ચ પ્રદર્શન તથા યુનિવર્સિટી આંતર કોલેજ સ્પર્ધા યોજવામાં આવે છે. |
| ૧૬. | શ્રી કિરીટકુમાર આર. ચૌહાણ<br>ડા.આચાર્ય, સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, વડતાલ રોડ, મુ.પો.બાકરોલ<br>ફોન નં. ૦૨૬૯૨ - ૨૩૨૧૫૬ | ૨૦૦૮ | સ્વનિર્ભર<br>APW04609<br>૩૨૩૪૪૬ | - | વિશાળ વર્ગ ખંડો, લાયબ્રેરી, લેબ, કોમ્પ્યુટર લેબ, સેમિનાર હોલ, વાઈફાઈ સુવિધાથી સજ્જ કેમ્પ | તિરુપતિ ફાઈન્ડેશન ટ્રસ્ટ, બાકરોલ સંચાલિત નિબંધ વક્તૃત્વ સ્પર્ધા અને ઈતર સ્પર્ધામાં વિજેતા |
| ૧૭. | ડૉ. હિતેશભાઈ પી. પટેલ<br>આચાર્ય, બાવીસ ગામ બી.એડ્. કોલેજ, વલ્લભ વિદ્યાનગર<br>ફોન નં. ૦૨૬૯૨ - ૨૩૯૪૦૧, ૨૩૨૭૩૪ | ૨૦૧૨ | સ્વનિર્ભર<br>APW 02422/<br>૩૨૩૨૬૩ | AAA<br>બી.ગ્રેડ<br>સીજીપીએ<br>૨.૨૬ | કોમ્પ્યુટર લેબ, પ્રોજેક્ટર રુમ / સ્પોર્ટ્સ રુમ, સાયકો લેબ, સાયન્સ લેબ અને લાઈબ્રેરી | બાવીસ ગામ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિદ્યાનગરની મધ્યમાં શૈક્ષણિક અને સહ અભ્યાસીક પ્રવૃત્તિથી યુવા, કલા અને કૌશલ્યોની અભિવ્યક્તિની તકો પૂરૂ પાડતુ કેમ્પસ |
| ૧૮. | ડૉ. કે.ડી. પટેલ<br>ડા. આચાર્ય, શ્રીમતી એસ.કે.શાહ (રહાવાળા) કોલેજ ઓફ એજ્યુકેશન, કપડવંજ જી. ખેડા<br>ફોન નં. ૦૨૬૯૧ - ૨૫૪૫૭૨ | ૨૦૦૭ | સ્વનિર્ભર<br>APW 02638/<br>૩૨૩૩૧૬ | --- | કોમ્પ્યુટર લેબ, ઈ.ટી.લેબ, મનોવિજ્ઞાન લેબ, સાયન્સ લેબ, વિશાળ મકાન, સમૃદ્ધ પુસ્તકાલય | શ્રી કપડવંજ કેળવણી મંડળ સંચાલિત કપડવંજમાં વિશાળ કોલેજ કેમ્પસમાં ૧૦૦% પરિણામ |
| ૧૯. | શ્રી કલ્પેશભાઈ ડી. વાળા<br>ડા. આચાર્ય, ધર્મજ કોલેજ ઓફ એજ્યુકેશન, ધર્મજ આમ્રપાલી ટાઉનશીપ, પેટલાદ-ખંભાત રોડ, ધર્મજ-૩૮૮ ૪૩૦, તા. પેટલાદ જી. આણંદ<br>ફોન નં. ૦૨૬૯૭ - ૨૪૪૪૭૦ | ૨૦૦૭ | સ્વનિર્ભર<br>૩૨૩૨૮૦ | --- | વિશાળ મકાન, સમૃદ્ધ પુસ્તકાલય, કમ્પ્યુટર લેબ, ઈન્ટરનેટની સુવિધા, ભાઈઓ / બહેનો માટે હોસ્ટેલની સુવિધા | સંસ્કૃતિ સંસ્થા ચેરીટેબલ ટ્રસ્ટ, ધર્મજ સંચાલિત ૧૦૦% પરિણામ |

| અનુ. નં. | કોલેજનું નામ / સરનામુ / આચાર્યશ્રીનું નામ | સ્થાપના વર્ષ | સંસ્થાનો પ્રકાર / કોડ નં. | નેક એક્રિડેશન | ભૌતિક સુવિધાઓ | ટૂંકો પરિચય / સિદ્ધિ |
|---|---|---|---|---|---|---|
| ૨૦. | વાઘેલા પ્રવિણાબેન કંચનલાલ<br>ઇ.ચા.આચાર્યા, ધી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી બી.એડ્. કોલેજ, મહેમદાવાદ<br>ફોન નં. ૦૨૬૯૪ - ૨૨૪૪૭૦<br>મો.નં. ૯૭૨૬૩૧૫૯૨૬ | ૨૦૧૬ | સ્વનિર્ભર<br>L.I.C.<br>Dt.18-12-15<br>જૂન-૨૦૧૬ થી બે વર્ષ માટે ચાલુ જોડાણ આપેલ છે.<br>૩૨૩૦૯૭ | | વિશાળ મકાન ,પુસ્તકાલય, કોમ્પ્યુટર લેબ, સાયકોલેબ, સાયન્સલેબ | |
| ૨૧. | સાનિયા જયેશભાઇ એમ.<br>ઇ.ચા.આચાર્યા, શ્રી કે.જી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ઓડ ફોન નં. ૦૨૬૯૨ - ૨૮૨૭૫૮<br>મો.નં. ૯૯૨૫૦૯૩૧૯૪ | ૨૦૧૬ | સ્વનિર્ભર<br>L.I.C.<br>Dt.21-12-15<br>જૂન-૨૦૧૬ થી બે વર્ષ માટે ચાલુ જોડાણ આપેલ છે.<br>૩૨૩૨૨૫ | | વિશાળ મકાન, સમૃદ્ધ પુસ્તકાલય, કમ્પ્યુટરલેબ, ઇન્ટરનેટની સુવિધા બહેનો માટે હોસ્ટેલની સુવિધા | શ્રી ઓડ એજ્યુકેશન સોસાયટી ઓડ સંચાલિત ૧૦૦ ટકા પરિણામ |
| ૨૨. | ડૉ. પ્રેરણાબેન પાઉલભાઇ મેકવાન<br>પ્રિન્સીપાલ, શ્રીમતી ધારીણીબેન એ. શુકલા બી.એડ્.કોલેજ સિદ્ધિવિનાયક મંદિર પાસે, ખાત્રજ ચોકડી, મહેમદાવાદ જિ. ખેડા-૩૮૭૧૩૦<br>(મો) ૭૮૭૪૯૩૭૩૭૩ | ૨૦૧૬ | સ્વનિર્ભર<br>APW005<br>70/323/71<br>૩૨૩૧૭૦ | | સમૃદ્ધ વિશાળ પુસ્તકાલય અદ્યતન કોમ્પ્યુટરલેબ, સ્માર્ટક્લાસ | હીરાબા કેળવણી ટ્રસ્ટ સંચાલિત બી.એડ્. કોલેજ ૨૦૦૫ થી કાર્યરત ૨૦૧૬થી સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંલગ્ન, વિશાળ હરિયાળું કેમ્પસ |

# # # # #